# અંગ્રેજીના વાવાઝોડા સામે ગુજરાતી ભાષા સામે સંકટ

## ગુજરાતી માધ્યમની ૪૬૯૬ શાળાઓ સત્તાવારરીતે બંધ થઈ હોવાના અહેવાલથી ચર્ચા : અંગ્રેજી માધ્યમને મહત્વ

અમદાવાદ, તા. ૨

ગુજરાત ભરમાં છેલ્લા ચાર વર્ષના ગાળામાં ૪૬૯૬ જેટલી ગુજરાતી માધ્યમિક પ્રાથમિક શાળાઓને તાળા વાગી ગયા છે. ગુજરાતમાં પ્રાથમિક શાળાઓની સંખ્યા સતત ઘટી રહી છે. આના માટે ઘણા કારણો જવાબદાર છે. સૌથી મોટુ કારણ એ છે કે ગુજરાતી ભાષા પ્રત્યે ગુજરાતી લોકોમાં પણ હવે ઓછો ક્રેઝ જોવા મળી રહ્યો છે. બાળકોને અંગ્રેજી માધ્યમમાં મુકવાની એક પ્રકારની પરંપરા શરૂ થઈ ગઈ છે આ જ કારણસર અંગ્રેજી માધ્યમની સ્કૂલોની સંખ્યા વધારે છે અને નવી નવી શાળાઓ ખુલી રહી છે. આ પ્રવાહ યથાવતરીતે જારી રહેવાની દહેશત દેખાઈ રહી છે. અંગ્રેજીના વાવાઝોડા સામે ગુજરાતી ભાષાનું અસ્તિત્વ મુશ્કેલીમાં મુકાયુ છે.

થોડા દિવસ પહેલા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી માતૃભાષાના મહત્વ પર નિષ્ણાંતો એ પણ પોત પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી અને ગુજરાતી ભાષાને મહત્વ આપવાની રજુઆતો પણ કરી હતી પરંતુ આ રજુઆતોની કોઈ અસર જોવા મળે તેવી શક્યતા ઓછી છે કારણ કે યુવા પેઢીના માતાપિતાઓ પોત પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ મળે તેના પર ભાર મુકે છે. આ જ કારણસર અંગ્રેજી ભાષાનું મહત્વ વધ્યુ છે અને એની સામે ગુજરાતી માધ્યમમનું પ્રમાણ ઘટ્યુ છે. એટલામાં ઓછુ હોય તેમ બજેટમાં પણ અંગ્રેજી માધ્યમને મહત્વ આપવામાં આવ્યુ છે. રાજ્યમાં શિક્ષણ વિદ્વોએ માતૃભાષા વંદના કાર્યક્રમ યોજ્યા. લોકોએ ગુજરાતીના ઘટતા જતા વર્ચસ્વ ઉપર ચિંતા વ્યક્ત કરી. પરંતુ આ બધુ જાણે કે એક દિવસ પુરતુ મર્યાદિત હતુ. લોકોને ગુજરાતી ભાષા પ્રેમ પણ ક્ષણભર અથવા દેખાવો હતો. તે ખરી વાસ્તવિકતાતો એ છે કે ગુજરાતમાં અંગ્રેજીનો ક્રેજ અસાધારણ રીતે વધી રહ્યો છે. અંગ્રેજીના આ વાવાઝોડા સામે ગુજરાતી ભાષાનું અસ્તિત્વ ભોયમાં ભૂંકાયુ છે. રાજ્યમાં એક બાજુ ઉત્તરોત્તર અંગ્રેજી માધ્યમની શાળાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અંગ્રેજી માધ્યમની શાળો શહેરોના સીમાડા વટાવીને ગાંડાઓમાં પણ પોતાની હયાતી નોંધાવા લાગી છે. આ વખતના અમદાવાદ મહાનગર પાલિકાના બજેટ અને રાજ્ય સરકારના બજેટમાં પણ સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવાની જાહેરાત કરાઈ છે. ત્યારે બીજીબાજુ આંખ ઉઘાડતી વાસ્તવિકતા એ છે કે અંગ્રેજી માધ્યમની શાળાઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં પૂરતા વિદ્યાર્થીઓના અભાવે છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાં ૪૬૯૬ ગુજરાતી માધ્યમની શાળાઓને તાળા વાગી ચૂક્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૧માં રાજ્ય સરકાર હસ્તકની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓની સંખ્યા ૩૨૭૪૨ હતી જેમાં નગરપાલિકા પ્રાથમિક શિક્ષણની સમિતિની ૧૩૪૧ શાળાઓનો સમાવેશ થાય છે. આ શાળાઓમાં રાજ્યના ૫૪.૬૫ લાખ બાળકો અભ્યાસ કરતા હતા. આ સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ચાર વર્ષમાં સરકાર હસ્તકની ૧૩૪૭ પ્રાથમિક શાળાઓ બંધ થઈ છે. જ્યારે ખાનગી એકમો દ્વારા સંચાલિત ૩૩૪૯ શાળાઓ બંધ થઈ છે. બીજીબાજુ આજ ગાળામાં રાજ્ય સરકારે ૨૯૨૪ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓને પરવાનગી આપી છે. વર્ષ ૨૦૦૦ના રાજ્યમાં માત્ર ૭૫૦ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ હતી જે આજે રાજ્યમાં ૬૯૧૧ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. આમ એક બાજુ રાજ્યમાં સતત અંગ્રેજી માધ્યમની શાળાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે બીજીબાજુ ગુજરાતી માધમની શાળાઓ ઉત્તરોઉત્તર ઘટાડો નોંધાવી રહ્યો છે.

ગુજરાતી માધ્યમની શાળાની સંખ્યા ઘટવા પાછળ જાણકારો લોકો પશ્ચિમી સંસ્કૃતિ તરફની માનસિકતાને જવાબદાર માને છે. સમાજમાં ધીરે ધીરે એવો વર્ગ અસ્તિત્વમાં આવી રહ્યો છે જે અંગ્રેજી ભાષાનું જબરજસ્ત આકર્ષણ છે. જ્યારે ગુજરાતી ભાષા પ્રત્યે સુગ છે. આ ઉપરાંત લોકો ગાંડરિયા પ્રવાહને પણ અનુસરી રહ્યા છે. પડોશીનો છોકરો અંગ્રેજી માધ્યમની શાળામાં અભ્યાસ કરે છે. ગુજરાતી ભાષાને મહત્વ આપવા કેટલાક શિક્ષણ વિદો આગળ આવ્યા છે. ગુજરાતી સમુદાયને આવરીલઈને ધારાવાહિકો બની રહી છે પરંતુ મહત્વ વધી રહ્યુ છે તેમ દેખાઈ રહ્યુ નથી.

## વડીલોને વંદન અભિનંદન



ઈલાબેન અમૃતભાઈ મોઢ
(૧૯૪૨)ફોન:૬૫૭૩૭૫૨૩

## સ્વ. શ્રીરામજીભાઈ મકવાણાની તા.૭મી માર્ચ શોકસભા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પ્રદેશ વાલ્મીકી મહાસંઘ ગાંધીનગરના મહામંત્રી રામજીભાઈ મકવાણાનું તાજેતરમાં સ્વર્ગવાસ થયેલ છે. સ્વ. રામજીભાઈ મકવાણાના અવસાન નિમિત્તે તા.૭ માર્ચના રોજ સાંજે ૫.૦૦ કલાકે જૂના એમ.એલ.એ. ક્વાર્ટર નં. ૬૦/૩, સેકટર-૧૭માં યોજેલ છે. મહામંત્રી રામેશ્વર લોટે જણાવેલ છે.

## પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીપદે ઈન્દ્રવિજયસિંહ ગોહિલની નિમણુંક

ગાંધીનગર, તા. ૨

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ મંજૂરી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલની નિમણૂંક કરી છે.

શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અગાઉ એન.એસ.યુ.આઈ. અને યુવક કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય તરીકે જવાબદારી સંભાળે છે.

## આજે છાલામાં સર્વ રોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨

કેન્સર, ડાયાબિટીશ, હૃદયરોગનો સર્વ રોગ નિદાન કેમ્પ. તા. ૩જી માર્ચના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલામાં યોજવામાં આવેલ છે. કેમ્પમાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલના નિષ્ણાતો સર્જન, ફીઝીશીયલ, સ્ત્રી રોગ, કાન, નાક, ગળાના નિષ્ણાતો દ્વારા ચકાસણી કરવામાં આવશે. આ નિદાન કેમ્પ વિના મૂલ્યે છે. તો જાહેર જનતાને લાભ લેવા જણાવવામાં આવે છે.




## ગાંધીનગર રોટરી કલબ દ્વારા પાંચમીએ કેન્દ્રીય બજેટ પર જાહેર પ્રવચન

ગાંધીનગર, તા. ૨

કેન્દ્રીય બજેટ રજૂ થયા પછી છેલ્લા બાર વર્ષથી બજેટના ફેરફારો અંગે આંતર રાષ્ટ્રીય નિષ્ણાતો મુકેશભાઈ પટેલનું મંતવ્ય તા. ૫ માર્ચના રોજ સાંજે ૬.૦૦ કલાકે કડી સર્વ વિદ્યાલયના કેમ્પસમાં ખીમજી વિસરામ હોલમાં રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે યોજાશે. આ વર્ષ કેન્દ્રીય બજેટમાં સુચવાયેલા સુધારા અંગે વકતવ્ય મુકેશ પટેલ સચોટ માર્ગદર્શન આપશે. તો વેપારીઓએ વ્યવસાયની, બિલ્ડર્સ, ડૉકટર, કર્મચારીઓએ લાભ લેવા જણાવેલ છે.

## માણસામાં ચામડી રોગોનો બેતાળીસમો નિદાન સારવાર કેમ્પ

માણસા તેમજ આજુબાજુના ગામોમાં લાભાર્થે વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો અને મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ માણસા ખાતે દર મહિનાના પહેલાં રવિવારે ચામડીનાં રોગનો નિદાન અને સારવાર કેમ્પ વિના મૂલ્યે યોજાય છે. તા. ૩જી માર્ચના રોજ બપોરના ૨ વાગ્યે ૪૨મો નિદાન કેમ્પ યોજાશે. મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવેલ છે. સગવડતા માટે રજિસ્ટ્રેશન તેજ દિવસે કેમ્પમાં કરવામાં આવશે. ડૉ. ગૌરવ પટેલ માનદ્ સેવાઓ આપી રહ્યાં છે.

## ઉનાવાનો પદયાત્રા સંઘ નવમા વર્ષે દ્વારકા જશે

ઉનાવાનો દ્વારકા સંઘ સતત નવમાં વર્ષે તા. ૭મી માર્ચના રોજ પ્રસ્થાન કરશે. આ પદયાત્રા સંઘ ઉનાવાથી નીકળીને દ્વારકા પ્રયાણ કરશે. જેમાં વિરમગામ, ચોટીલા, રાજકોટ, જામનગર થઈ. તા. ૨૨મી માર્ચના દ્વારકા પહોંચશે. તા. ૨૩મીએ રૂક્ષ્મણ મંદિરે ધજા અર્પણ કરશે. તા. ૨૪મીએ દ્વારકાધીશ પ્રભુને ધજા અર્પણ કરશે. ગાંધીનગર જિલ્લાના રસ ધરાવતાં દ્વારકાધીશ પ્રેમીઓએ જોડાવા માટે ઉનાવા ખાતે રામજી મંદિરે સંપર્ક કરવા વ્યવસ્થાપક નવનીતભાઈ પટેલે જણાવેલ છે.

## સેકટર-૨ના પેન્શનર્સ સમાજની બેઠક યોજાઈ

પેન્શનર્સ સમાજ સેકટર-૨ની બેઠક નિરંજનભાઈ ઓઝાના અક્ષ્યક્ષ સ્થાને યોજાઈ હતી. મોટી સંખ્યામાં પેન્શનરોએ હાજરી આપી હતી. પેન્શનરોનું ફેબ્રુઆરીમાં અવસાન થયેલ હોય તેવા શિવશંકર પુરાણી, ગજેન્દ્રભાઈ શુકલને શ્રદ્ધાંજલિ અર્પી હતી. જેમની જન્મ દિવસ આ માસમાં હોય તેમને શુભેચ્છા આપી હતી. તા. ૨૪ માર્ચ સામાન્ય સભા યોજાશે. નવી કાર્યવાહક સમિતિની રચના કરવી. સેકટર-ઉના ધી રજલાલ સંઘાણી, અમીરધર જરદોશ, નિરંજનભાઈ ઓઝા, મંગળભાઈ ચૌહાણના નામોની ભલામણ કરવામાં આવી.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ઓરાણ હાઈસ્કૂલના બે છાત્રો રાજય-જિલ્લા કક્ષા સ્પર્ધામાં વિજેતા

પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ ઉચ્ચતર મા. શાળાના બે વિકલાંગ છાત્રાઓએ તાજેતરમાં યોજાયેલ ગુજરાત સરકાર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર ખેલ મહાકુંભ ૨૦૧૨ની સ્પર્ધામાં સદર શાળાના બે વિદ્યાર્થી નામે ચૌહાણ નિકુલ પ્રવિણસિંહે બોચી સ્પર્ધામાં રાજયકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ખેલાડીએ મેડલ, પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર મેળવ્યો હતો. જયારે ગોળા ફેંક સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ચૌહાણ દેવરાજસિંહ રણજીતસિંહે પણ પ્રથમ સ્થાન મેળવી ટ્રેકશુટ, પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર ઈનામ મેળવતાં શાળામાં ખુશી છવાઈ હતી. આ બંને છાત્રાઓ રમતગમત ક્ષેત્રે ઉંચી સિધ્ધિ મેળવવામાં પ્રવાસી શિક્ષક દિપુજી રાઠોડે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. પરિણામે શાળાના આચાર્યશ્રી ડૉ. કિશ્નુસિંહ એન. રાઠોડે બંને વિજેતા ખેલાડીઓને મેડલ પ્રમાણપત્ર એનાયત કરી અભિનંદન પાઠવી વિશિષ્ટ બહુમાન કર્યું હતું.

## કુલપતિના બાઉન્સરો અને એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો વચ્ચે થયેલી મારામારી

અમદાવાદ, તા. ૨


ગુજરાત યુનિવર્સિટીમાં જ્યારથી કુલપતિ આદેશપાલની નિમણુંક થઈ છે, ત્યારથી તે કોઈને કોઈ રીતે વિવાદમાં રહ્યા છે. થોડા સમય પહેલા કુલપતિના ગેરકાયદેસરના બાઉન્સરો તથા એનએસયુઆઈના વિદ્યાર્થી નેતાઓ વચ્ચે કુલપતિને ન મળવા દેવા બાબતમાં વિવાદ અને મારામારી થઈ હતી. તેમાં બંને પક્ષે ફરિયાદ દાખલ કરાઈ હતી. જેમાં આજે કુલપતિના બાઉન્સરોની ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાત યુનિવર્સિટીમાં જ્યારથી નવા કુલપતિ આદેશપાલની નિમણુંક થઈ છે ત્યારથી તેઓ કોઈને કોઈ મુદ્દે વિવાદમાં રહ્યા છે. તેમના દ્વારા યુનિ.માં રોજ એક નવો વિવાદ ઉભો કરવામાં આવે છે ત્યારે થોડા સમય પહેલાં કુલપતિને મળવા આવેલા એનએસયુઆઈના વિદ્યાર્થી નેતાઓને કુલપતિને મળવા બાબતે કુલપતિના બાઉન્સરો તથા વિદ્યાર્થી નેતાઓ વચ્ચે વિવાદ થતા તે વિવાદ મારામારી સુધી પહોંચ્યો હતો. તેના અનુસંધાનમાં બંને પક્ષે ફરિયાદ (કેસ) કરવામાં આવી હતી.

આજ સુધીના ઈતિહાસમાં ગુજરાત યુનિવર્સિટીના કોઈપણ કુલપતિએ પોતાના અંગત બાઉન્સરો રાખ્યા નથી જ્યારે કુલપતિએ યુનિવર્સિટીના ખર્ચે જે અંગત બાઉન્સરો રખાયા છે તે બિલકુલ ગેરકાયદેસર છે. તથા તેની પાછળ દર મહિને રૂપિયા ત્રણ લાખ જેટલા ખર્ચ યુનિ. થાય છે. વર્ષે છત્રીસ લાખ રૂપિયા કુલપતિ પોતાના અંગત બાઉન્સરો માટે ખર્ચે છે.

કુલપતિના આ બાઉન્સરો વખતે વખત કુલપતિને જરૂરી કામ માટે મળવા આવતા લોકોને રોકે છે. જેમાં ગયા અઠવાડિયે એનએસયુઆઈના વિદ્યાર્થી નેતાઓ એક જરૂરી કામ માટે કુલપતિને મળવા માગતા હતા. પરંતુ કુલપતિના બાઉન્સરોએ તેમને રોકતા બાઉન્સરો અને વિદ્યાર્થી નેતાઓ વચ્ચે મારામારી થઈ હતી. બંને પક્ષે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થી નેતાની ધરપકડ થોડા સમય પહેલા થઈ ગઈ હતી. કુલપતિના ગેરકાયદેસર બાઉન્સરોને આ કેસના અનુસંધાનમાં ધરપકડ કરવામાં આવી છે.

## શબ્દાવલી - ૪૯૯૫



### આડી ચાવી

- ૧. ફલાંગ, મોટો કુદકો (૩)
- ૩. અડધી રાત (૪)
- ૬. રોજાનો મહિનો (૪)
- ૭. કાટલુ, સુંદર વગેરેથી બનતો પાક (૩)
- ૯. સોમ-મંગળ વગેરે... ના નામે છે (૨)
- ૧૦. સોનાની ખરાઈનું માપ (૨)
- ૧૨. અવાજ, બૂમ (૨)
- ૧૩. અગ્નિ પ્રજળવો, ... થવો (૩)
- ૧૫. જમીનનું એક માપ (૨)
- ૧૭. જૂનું વાસણ (૩)
- ૧૯. વિલંબ (૨)
- ૨૦. કાચ કે લાકડાની નાની કટકી (૩)
- ૨૧. ગંદવાડ (૩)
- ૨૨. તલપાપડીનું વૃક્ષ (૩)

### ઊભી ચાવી

- ૧. બારીક તપાસ, સ્પષ્ટીકરણ ખુલાસો (૪)
- ૨. પાણી ગાળવાનું સાધન (૩)
- ૩. ટીખળ, મશ્કરી (૩)
- ૪. પૈસા, સંપત્તિ (૨)
- ૫. ચોર (૩)
- ૮. સત્ય (૨)
- ૯. સામસામા સવાલ જવાબ (૫)
- ૧૧. ખાંપણ, ખામી (૨)
- ૧૩. કબીરવડ, ખામી (૨)
- ૧૪. જાતિ, જ્ઞાતિ (૨)
- ૧૬. વડકા વચકડા (૪)
- ૧૭. ઠેસ (૩)
- ૧૮. ડઝન (૨)
- ૨૧. ઘાસનો ખડકલો (૨)

### શબ્દાવલી ૪૯૯૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કડકાઈ (૪) પાવર (૬) ટીમ (૭) સ્વસુર (૯) બરી (૧૦) રન (૧૧) પ્રણ (૧૩) ખર (૧૪) મારીચ (૧૫) મંતવ્ય (૧૭) લોથપોથ (૧૯) કર્જ (૨૦) રાશન

**ઊભી ચાવી :-** (૧) કટીબધ્ધ (૨) ડમરી (૩) ઈશ્વર (૪) પાર (૫) રમણ (૮) સુનયના (૧૧) પ્રચલિત (૧૨) કરચલો (૧૩) ખરી (૧૪) માદક (૧૫) મંથરા (૧૬) વ્યસન (૧૮) થડ

## ભાઈ રમેશભાઈ ઓઝા પ્રેરિત આજે કાર્યક્રમ સેકટર-૨માં યોજાશે

ગાંધીનગર વૈશ્વિક સંસ્કૃતિ પરિષદ દ્વારા યોજાતા ભાઈશ્રી રમેશભાઈ ઓઝા પ્રેરિત કાર્યક્રમ તા. ૩જી માર્ચના રોજ સાંજે સેકટર-૨એ ૧૨૦૮/૨, પ્રકાશભાઈ મહેતાના નિવાસ સ્થાને રાખેલ છે. મહેન્દ્રભાઈ રાઠોડે જણાવેલ છે.

## કંપની સમાચાર

### ઈન્ડિય આઈડોલ વિજેતા અભિજિત સાવંતના ત્રીજા આલ્બમ 'ફરીદા'ની રજૂઆત

પ્રથમ ઈન્ડિયન આઈડોલ વિજેતા અભિજિત સાવંતની ત્રીજું આલ્બમ 'ફરીદા' રજૂ થઈ રહ્યુ છે. બાબા ફરીદ અને અન્યોનાં સૂફી ગીતો પર આધારિત ફરીદાનાં ગીતોને હરપ્રિત સિંઘ, રાજીવ ભલ્લા, નક્કાશ, અમિત સાવંત દ્વારા સ્વરબધ્ધ કરવામાં આવ્યા છે. ફરીદામાં કુલ સાત ગીતોનો સમાવેશ થાય છે.

લાયન્સ કલબ અમદાવાદમાં રાજસમ્રાટના આમંત્રણથી અમદાવાદ આવેલા અભિજિત સાવંત દ્વારા આવતીકાલ તા. ૨ માર્ચ, ૨૦૧૩ના રોજ બોપલ રીંગ રોડ ખાતે રઘુલીલા ઉપવનમાં લાઈવ પર્ફોર્મન્સ આપવામાં આવશે. આ કોન્સર્ટનું ઉદ્ઘાટન ડીજી રાજીવ છાજેડ દ્વારા સાંજે ૭.૩૦ કલાકે થશે. આ કાર્યક્રમમાં મિસ ઈન્ડિયા ઈશિતા સરકાર પણ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં 'ફરીદા'ની રજૂઆત કરવામાં આવશે.

### ફિક્કીના 'બજેટ એન્ડ આઈ'માં વિકાસલક્ષી બજેટ નિષ્ણાંતોનું તારણ

ફિક્કીની ગુજરાત સ્ટેટ કાઉન્સિલે કેપીએમજીના સહયોગમાં કેન્દ્રિય નાણામંત્રી પી. ચિદમ્બરમ્ દ્વારા રજૂ કરાયેલા બજેટ ૨૦૧૩-૧૪ માટે બજેટ એન્ડ આઈ નામનાં ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફેડરેશન ઑફ ઈન્ડિયા ચેમ્બર્સ ઑફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ (ફિક્કી) દર વર્ષે આ પ્રકારના ઈન્ટરએક્ટિવ બજેટસત્રનું આયોજન કરે છે. જેનો હેતુ બજેટની અસરો સમજવાનો, પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરવેરામાં સુધારાનું બારીક વિશ્લેષણ તથા ઉદ્યોગોના વિવિધ ક્ષેત્ર તથા વિવિધ હિસ્સેદારી પર થયેલી અસરોનો કયાસ મેળવવાનો હોય છે.

બજેટ એન્ડ આઈમાં આઈએ ભારતના ઉદ્યોગો, રોકાણકારો અને નાગરિકોનું પ્રતિનિધિત્વ કરે છે, આથી આ સેશનનું નામ બજેટ એન્ડ આઈ રાખવામાં આવ્યું છે. આ સેશનમાં સમાજનાં વિવિધ ક્ષેત્રો પર બજેટ ૨૦૧૩ની થનારી વિવિધ અસરોને ધ્યાનમાં રાખીને બહુ પરિમાણિય અભિગમ અપનાવ્યો હતો.

## નિમા ફાર્મમાં લૂંટ કરવા આવેલો વોન્ટેડ મુસ્તુફા અંતે ઝડપાયો

અમદાવાદ, તા. ૨

જાણીતા ઉદ્યોગપતિ તેમજ નિરમા ઈન્ડસ્ટ્રીઝના માલિક કરસનભાઈ પટેલના ફાર્મ હાઉસ પર લૂંટ કરવા આવેલા ડઝનથી વધુ લૂંટારા પૈકી એક લૂંટારા મુસ્તુફાને અમદાવાદ જિલ્લા એલસીબીએ આજે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી હતી. મુસ્તુફા છેલ્લા એક વર્ષથી નાસતા ફરતો હતો તેમજ અગાઉ ઘણા ગુનાઓમાં સંડોવાયેલા છે. આ ગુનામાં અગાઉ જિલ્લા પોલીસે આઠ જેટલા આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે મુસ્તુફા છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો હતો. પોલીસે હાલ મુસ્તુફાની વધુ પૂછપરછ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે ગત તા. ૪ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલા નિમા ફાર્મમાં રિવોલ્વર તેમજ લાકડીઓ સાથે લૂંટારાઓ ઘૂસી આવ્યા હતા. લૂંટારાઓએ કરસનભાઈના બંગલામાં ફરજ બજાવતાં ચાર સિક્યોરીટી ગાર્ડોને હાથ-પગ અને મોં બાંધીને બંદી બનાવી દીધા હતા પરંતુ અન્ય સિક્યોરીટી ગાર્ડ દોડી આવતાં લૂંટારાઓ નાસી છૂટ્યા હતા. આ અંગે તપાસ એલસીબીને સોંપવામાં આવી હતી. તપાસમાં અગાઉ જિલ્લા પોલીસે આઠ જેટલા આરોપીઓની આ લૂંટના પ્રયાસના ગુનામાં ધરપકડ કરી હતી. જેમાં મુસ્તુફા ઘણા સમયથી ફરાર હતો. તે દરમ્યાનમાં એલસીબીને જાણકારી આપી હતી કે મુસ્તુફા મુંબઈમાં કોઈ ગુનામાં ઝડપાયો છે. જેના આધારે એલસીબીએ મુસ્તુફાને ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ લઈ આવી હતી. પોલીસ હાલ મુસ્તુફાની અગાઉ ક્યાં ગુનાઓમાં સંડોવાયેલો છે તેમજ કયા કયા ગુનાઓ કરેલા છે તે જાણવાની દિશામાં તપાસ હાથ ધરી છે.

## કેમેરા લગાડી દેવા..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**બેન્ક, હોટલ, ગેસ્ટહાઉસના એન્ટ્રી પોઈન્ટ, પેટ્રોલપંપ, શોપીંગ કોમ્પલેક્ષ સહિતના ખાનગી એકમો પર નાઈટ વિઝન એચ.ડી. વિડીયો રેકોડીંગ વાળા સીસીટીવી કેમેરા, સિક્યુરીટી ગાર્ડ, મોલ ડિટેક્ટર સહિતના વિવિધ સુરક્ષા-સલામતીના સાધનો ફરજીયાત કરતું જાહેરનામુ જિલ્લા કલેક્ટર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેનું ચુસ્તપણે અમલીકરણ કરાવવા માટે રેન્જ આઈ.જી. શમશેર સિંગની સુચનાથી ગાંધીનગરના તમામ પોલીસ સ્ટેશનનાં અમલદારો દ્વારા ખાનગી એકમોના સંચાલકો-માલીકોને પોલીસ સ્ટેશન તબક્કાવાર બોલાવીને બેઠક યોજવામાં આવી રહી છે. તમામ સંચાલકો-માલીકોને ૧૫ દિવસના સમયગાળામાં ઉપરોક્ત સલામતીના સાધનો વસાવીને ઈન્સ્ટોલ કરી દેવા ખાસ તાકીદ કરવામાં આવી છે. ત્યારબાદ જો પોલીસની ચકાસણીમાં કેમેરા કે સિક્યુરીટી ગાર્ડ દેખાશે નહી તો માલીક વિરૂદ્ધ જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવશે.**

## લોકપ્રિય મુખ્યમંત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છવાયેલા રહ્યા હતા. રાજનાથ સિંહે કહ્યુ હતુ કે મોદીના નેતૃત્વમાં ભાજપે ગુજરાતમાં શાનદાર હેટ્રિક કરી છે. તેમણે કહ્યુ હતુકે આ કરિશ્મો કરનાર મોદી ભાજપના પ્રથમ મુખ્યમંત્રી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના વિકાસ મોડલની દેશભરમાં પ્રશંસા થઈ છે. અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં પણ મોદીની પ્રશંસા થઈ રહી છે. ભાજપના વડાએ તમામ નેતાઓ અને કાર્યકરોને ઉભા થઈને મોદીની ઐતિહાસિક સફળતા માટે સન્માન કરવા અપીલ કરી હતી. કારોબારીની બેઠક પહેલા દિલ્હી ભાજપના અધ્યક્ષ વિજય ગોયલે કહ્યુ હતુ કે દેશના બાળકો પણ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તેમ ઈચ્છે છે. ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પોખરીયાલે પણ કહ્યુ હતુ કે દેશના વિકાસ માટે મોદી મોડલનો અપનાવવાની જરૂર છે. રાજનાથસિંહે કહ્યુ હતુ કે મોદી સૌથી લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે ઉભર્યા છે. મોદીની કામગીરીની પ્રશંસા કરવાની સાથે સાથે રાજનાથ સિંહે એમ પણ કહ્યુ હતુ કે ભાજપ શાસિત તમામ રાજ્યોના મુખ્યમંત્રી સારી કામગીરી અદા કરી રહ્યા છે. પોત પોતાના રાજ્યોમાં ખૂબ લોકપ્રિય છે પરંતુ મોદી સૌથી વધારે લોકપ્રિય રહ્યા છે. રાજનાથ સિંહે કહ્યુ હતુ કે અમારી સામે ઘણા પડકારો રહ્યા છે. પરંતુ આ પડકારોને સફળતાપૂર્વક સામનો કરવામાં આવશે. કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા રાજનાથસિંહે કહ્યુ હતુ કે મહાકુંભમાં સરકારની બેદરકારીના કારણે આ પવિત્ર પ્રસંગે ઘણા લોકોના મોત થયા હતા. રાજનાથસિંહે કહ્યુ હતુ કે આર્થિક, મોંઘવારી અને સુરક્ષાના સ્તરે યુપીએ સરકારની નિષ્ફળતા સપાટી પર આવી છે. આતંકવાદ સામે વલણ બિલકુલ નબળુ રહ્યુ છે. સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. કોંગ્રેસના નેતૃત્વમાં દેશની સુરક્ષા પર સંકટ ઉભુ થયુ છે. બાંગ્લાદેશી ઘૂસણખોરો રોકવામાં નિષ્ફળતા મળી છે.

ભાજપ અધ્યક્ષો હિન્દુ આતંકવાદ અંગે શિંદેના નિવેદન સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરીનો રાજનાથસિંહે બચાવ કર્યો હતો. અડવાણી દરેક રીતે દેશનું નેતૃત્વ કરવામાં સક્ષમ છે. લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ અને રાજ્ય સભાના નેતા અરૂણ જેટલી સંસદની અંદર અને બહાર વિપક્ષની ભૂમિકા અદા કરી રહ્યા છે.

ટચૂકડી જાહેર ખબર

**મકાન વેચવાનું છે**

સેક્ટર-૨૧, ગાંધીનગર
કિંમત : ૮૫ લાખ
મો. : ૯૪૨૮૬ ૯૨૫૮૬

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર.**

**જાહેર નિવિદા (ચોથા પ્રયત્ન)**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા ખાતેના હોસ્ટેલ વિભાગની કેન્ટીન ચલાવવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદારો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી (મરામત અને નિભાવણી) ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા ભાવો માગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૧૨/૩/૨૦૧૩ છે તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તારીખ : ૧૯/૩/૨૦૧૩ના રોજ ૧૮-૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોને આધિન માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે અને સર્વેને બંધનકર્તા રહેશે.

માહિતી/૨૩૫૮/૧૨-૧૩